અપીલ અરજી નં.૩૧૨ તા.૨૯–૧–૦૯

અરજદારઃ શ્રી ડી જે. અકબરી
સામાવાળાઃ ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (કતારગામ ઝોન)

## ફરીયાદની હકીકતઃ–

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ડી જે. અકબરીની તા.૨૨/૨૩–૧૨–૦૮ની અરજીથી માંગવામાં આવેલ મનમંદિર હાઉસીંગ સોસા. છાપરાભાઠા રોડ, અમરોલી સુરત મહાનગરપાલિકાના હદ વિસ્તારમાં નવા સમાવિષ્ટ થયેલ વિસ્તાર પાણી ડ્રેનેજ સફાઈ કે જંતુનાશક દવા છંટકાવ કરવા જેવી કોઈ પણ પ્રકારની સર્વિસ સુવિધા પૂરી પાડવામાં આવતી ન હોવા છતાં મિલ્કત વેરો પાણી ડ્રેનેજ અને સફાઈ ચાર્જીસ કરી કૃત્ય આચરવાનું ફલિત થાય છે. તેવું જણાવી તથા સોસાયટીના વેરાબીલોની વિસંગતતા અંગે રજુઆત કરેલ તે અંગે માહિતી મેળવવાની અરજી બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૯–૧–'૦૯ ની અપીલ અરજી નં.૩૧૨/૨૦૦૮–૦૯

શ્રી ડી જે. અકબરીની તા.૨૨/૨૩–૧૨–૦૮ની અરજીથી માંગવામાં આવેલ મનમંદિર હાઉસીંગ સોસા. છાપરાભાઠા રોડ, અમરોલી સુરત મહાનગરપાલિકાના હદ વિસ્તારમાં નવા સમાવિષ્ટ થયેલ વિસ્તાર પાણી ડ્રેનેજ સફાઈ કે જંતુનાશક દવા છંટકાવ કરવા જેવી કોઈ પણ પ્રકારની સર્વિસ સુવિધા પૂરી પાડવામાં આવતી ન હોવા છતાં મિલ્કત વેરો પાણી ડ્રનેજ અને સફાઈ ચાર્જીસ કરી કૃત્ય આચરવાનું ફલિત થાય છે. તેવું જણાવી તથા સોસાયટીના વેરાબીલોની વિસંગતતા અંગે રજુઆત કરેલ. તેની માહિતી બાબતે પત્ર નં.૭૨૬૫ તા.૧૭–૧–૦૯ થી નકારાત્મક અભિગમ અને વચગાળાના જવાબથી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૯–૧–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની ફી ભર્યાની વિગત સહિતની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ તથા આપવા જોગ પૂરક માહિતીની વિગતો તેમજ વિલંબ/ વિસંગતતા તથા ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા **પત્ર** નં.આરટીઆઈ સેલ/૧૦૫૫ તા.૫–૨–૦૯ થી ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (કતારગામ ઝોન)ને તથા અરજી ફી ભર્યાની પહોંચ તથા અપીલ અંગેના વાજબીપણું અને આધાર અંગે પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને નં.એન.ઝેડ/આ.નં.૮૦૧૨ તા.૧૧–૨–૦૯ થી અત્રેના વિભાગને માહિતી મળેલ છે. જયારે અરજદાર તરફથી વાજબીપણું કે આધાર અંગે કોઈ વિગતો મળેલ નથી.

અરજદારે તા.૨૨/૨૩–૧૨–૦૮ ની અરજીથી મુદ્દા નં.૧ સુરત મહાનગરપાલિકા અને પંચાયત તરફથી અમારી સોસાયટીમાં સફાઈ કરવામાં આવતી નથી તથા તે અંગે કર્મચારી નિયુકિત કરવામાં આવેલ ન હોવા છતાં ચાર્જીસ કયા નિયમોને આધારે વસુલ કરવા પાત્ર થાય છે આવા સર્વીસ પ્રોવાઈડ કર્યા વગર વસુલ કરવાના નિયમ ઠરાવ અને એકટની નકલ તથા મુદ્દા નં.૨ મનમંદિર હાઉસીંગ સોસાયટીના નવા સમાવિષ્ટ થયેલા વિસ્તાર પૈકીનો વિસ્તાર હોય વોટરઝોન તરીકે જાહેર કરવામાં આવેલ હોય તો જાહેનામું કે ઠરાવની નકલ ની માંગણી કરેલ છે. તથા સોસાયટીમાં મકાનોના વેરાબીલમાં જુદા જુદા ચાર્જીસ અંગે રજુઆત કરેલ છે. જાહેર માહિતી અધિકારી કક્ષાએથી એન.ઝેડ/આ.નં.૭૨૬૫ તા.૧૭–૧–૦૯ થી અરજદારને જણાવ્યા મુજબ મુદ્દા નં.૧ ની સદર સોસાયટી છપરાભાઠા વિસ્તારમાં આવેલ છે જયાં ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશનની કામગીરી નિયમિત કરવામાં આવેલ છે સદર સોસાયટીને લાગુ જાહેર રસ્તાઓ પર અઠવાડીયામાં ૨ દિવસ સમુહ હાજરી મુકી સફાઈ કરવામાં આવે છે. ચોમાસાની સીઝનમાં સમયાંતરે જંતુનાશક દવાનો છંટકાવ કરવામાં આવે છે. જે અંગે તા.૨૯–૧૧–૦૭ ,તા.૭–૨–૦૯, તા.૯–૧૦–૦૮ ના સફાઈના પ્રમાણપત્રો પણ રજુ કરવામાં આવેલ છે તેમજ એન.ઝેડ/આરોગ્ય/અમરોલી/૩૧ તા.૧૫–૧૨–૦૬ થી સફાઈના અનુદાન અંગે સદર સોસાયટીના પ્રમુખ તથા મંત્રીને પત્ર પણ પાઠવવામાં આવેલ છે. બાકીની અંશતઃ માહિતી એન.ઝેડ/એ આરડી/૮૧૨ તા.૬–૨–૦૯ ના રોજ ગુજરાત સરકારશ્રીના વહુકમ નં.૧/૨૦૦૭ તા.૨૦–૧–૦૭ ના પાના નંગ–૫ પ્રોપર્ટી ટેક્ષ,વોટર ટેક્ષ અને અન્ય ટેક્ષની જોગવાઈ જણાવવામાં આવેલ છે. સુમપાના સામાન્ય સભાના ઠરાવ નં.૭૦૬ તા.૩૦–૯–૦૮ થી લાગુ પડતાં ટેક્ષના સ્લેબ તથા દરો હેતુઓ સહિત જણાવવામાં આવેલ છે. સીટી ઈજનેરશ્રી નોંધ નં. એચઈડી/આ./૩૨૨૬ તા.૪–૧–૦૭ જેમાં કમિશ્નરશ્રીની વોટરટેક્ષ અંગેની જાહેર નોટીસ સહિત પાના નંગ ૭ ની માહિતી તથા હાઈડ્રોલીક ઈજનેરના પત્ર નં.એચઈડી/આ.નં.૩૩૯૦ તા.૨૦–૧–૦૭ પાના નંગ–૧ કુલ્લે મળી પાના નંગ ૨૦ ની માહિતી અરજદારને પુરી પાડેલ છે. આમ અરજદારને જાહેરનામાં, ઠરાવનીવિગતો નકલ સહિત અરજદારને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પુરી પાડવામાં આવેલ છે.

## હુકમ

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૨/૨૩–૧૨–૦૮ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી મુદ્દા નં.૧ થી ૨ પૈકી ની માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પુરી પડાયેલ હોય અપીલ અરજી અંગે કોઈ હુકમ કરવાનો રહેતો નથી અને અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

અપીલ અરજીમાં મુળ અરજીથી પાણી,ડ્રેનેજ અને સફાઈની વિસંગતતા અંગે સક્ષમ સત્તાધીશને અલાયદી રજુઆત કરવા અરજદાર સ્વતંત્ર છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૨ –૦૯.

***ડે.કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી, કતારગામઝોન ..... જાણ તથા અમલ માટે
(૩) શ્રી ડી જે. અકબરી